


"નર્મદે... સર્વદે..!"

"ઓ હો... નર્મદા માના ગુણગાન કરવા નીકળ્યા..?!"

"હા... સાહેબ હા... નર્મદા તો ગુજરાતની જીવાદોરી છે... ગુજરાતનો વિકાસ... (ગાંડો કે ડાહ્યો) નર્મદાના કારણે છે..! એટલે ગુણગાન ગાઈએ છીએ..!"

"પણ તમને નર્મદા-મા ચૂંટણી વખતે જ યાદ આવ્યા ખરૂ ને..?!"

"આ તો તમારો દૃષ્ટિકોણ છે..! અમારી સરકારો એ નર્મદાના પાણી ગામે ગામ પહોંચાડ્યા... અરે... ગુજરાતની હરીયાળી તો જુઓ..! નર્મદા યોજના સિવાયના ગુજરાતની કલ્પના હચમચાવી નાંખશે... હચમચાવી..!!"

"એટલે તમે ભગીરથ રાજા..!! તમારા તપથી જ નર્મદા ગુજરાતમાં આવી..!! અને તમે જ ગુજરાતને હરીયાળુ કર્યું..! એમ કહેવું છે તમારૂ ?!"

"સાહેબ તમે તો સાવ તળિયે જઈને બેઠા છો..! બાવીસ બાવીસ વર્ષથી નર્મદાના પાણી ખૂણે ખૂણે પહોંચાડવાના અમારા પુરૂષાર્થને પ્રજા આવકારે છે... નર્મદા બંધના દરવાજા મુકવાની વાત અમારી સરકારે કરી અને દરવાજા ખોલાવ્યા પણ અમે..! તમે શું કર્યું..?!"

"અરે ભાઈ..! નર્મદા યોજનાનું શિલારોપણ કોણે કર્યું તો જવાબ છે પંડિત નહેરૂ... નર્મદા યોજના માટે લડત કોણે ચલાવી તો જવાબ છે ભાઈકાકા અને નર્મદા માટે કેન્દ્રને કોણે નમાવ્યુ તો નામ છે ચીમનભાઈ પટેલ... આ મહાનુભાવોએ નર્મદા યોજના માટે લાં...બી લડત કરી છે, ત્યારે યોજના થઈ..!! અને હવે તમે અમે કર્યું, અમે કર્યું જેવા ઢોલ પીટો છો..!?"

"હા...ભાઈ... હા... ઢોલ તમે પીટો એની ના નથી, પણ ઢોલ પીટવાના પ્રસંગ સુધી પહોંચાડવા જેમનું જેમનું યોગદાન છે એને ભુલી ના જાવ એમ મારૂ કહેવું છે..!"

"સાહેબ... આવું તો રહેવાનું જ..! રાજકારણ છે એટલે દાવપેચ તો રહેવાના જ..! પણ અમારા સાહેબે જે દીર્ઘદષ્ટિથી યોજનાને ઓપ આપ્યો છે એને તો દાદ જ આપવી પડે..!"

"હા... તમારૂ એકેય કામ એવું નથી જેમાં તમે દાદ માંગતા ના હોવ..! તમે તો ભર ચોમાસે ડેમમાં પાણી નંખાવો..! અમનેય ખબર છે... શાળાના શિક્ષકો-સફાઈ કામદારો-આશાવર્કરો ને થોડાં ઘણાં તમારા કાર્યકરો. એ નર્મદા રથ હોય કે કિસાન રથ હોય... હાજર હોય... હોય...ને હોય..!!"

"સાહેબ... વાહ વાહ મેળવવાની પણ કલા હોય છે..!! વાહ વાહ કરવી એ ય જુદી વાત છે ને વાહ વાહ મેળવવી એ ય જુદી વાત છે..!!"

"ઠીક છે..! બધા ભ્રમ છે... રાજકારણના કાવાદાવા એટલે ભ્રમ ઉભા કરવા ને ભ્રમ તોડવા..! પણ દેશ માટે-રાજ્ય માટે કંઈક સારૂ અને સાચું થાય એવું કરવું જોઈએ..!!"

"બસ સાહેબ... આજ યોગ્ય સમય છે... ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે... બે મહિનામાં મુરતિયાઓ મત માંગવા આવશે ત્યારે સાચા ખોટાનો ભેદ પારખીને મત આપવાનો નિર્ણય થાય તો આવી ચર્ચાઓ નહીં કરવી પડે..!"

- નિમિત્ત માત્ર

# ગાંધીનગરમાં જીએસટી સર્વેની કામગીરીનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૮

પહેલી જુલાઈથી ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સનો અમલ થયા બાદ હજુ પણ આ અંગે ઘણા વ્યાપારીઓ મુંઝવણ અનુભવી રહ્યા છે. જીએસટી અંગે માર્ગદર્શન આપવા તથા તેની અમલવારી ગાંધીનગરમાં કેવી રીતે થઈ છે તે અંગેનો એક સર્વે હાલમાં ગાંધીનગરમાં ચાલી રહ્યોછે. ત્રીસ જેટલી ટીમો શહેરના વાણિજ્ય વિસ્તારમાં ફરી આ સર્વે કરી રહી છે.

જીએસટી લાગુ થયા બાદ કેટલા વેપારીઓ તેમાં જોડાયા છે, તેમને શું મુશ્કેલીઓ પડી રહી છે તે સહિત જીએસટી અંગેની વિવિધ જાણકારી પ્રાપ્ત કરવાના હેતુથી તથા વેપારીઓને પડતી મુશ્કેલીઓમાં માર્ગદર્શન આપવા માટે હાલમાં શહેરમાં મોટા પાયે એક સર્વેની કામગીરી ચાલી રહી છે.

બે વ્યક્તિઓની બનેલી ત્રીસ ટીમો હાલમાં શહેરના વેપારીઓને ત્યાં, વ્યવસાયકારોને ત્યાં અને સંસ્થાઓમાં સર્વે કરી રહી છે. ગાંધીનગર સેલ્સટેક્ષ ડીવીઝન દ્વારા છેલ્લા ત્રણ દિવસથી આ કામગીરી ચાલી રહી છે. આગામી એક સપ્તાહ સુધી આ કામગીરી ચાલુ રહેશે. સર્વેની કામગીરીમાં ડીવીઝન કમિશનર, આસીસટન્ટ કમિશનર, ઈન્સ્પેક્ટર અને સિનિયર ક્લાર્ક સહિતના કર્મચારીઓ ડોર ટુ ડોર કામગીરી કરી રહ્યા છે.

# સોમવારથી સરકારી તબીબો સામુહિક રજા પર જશે

## સરકારે સક્ષમ અધિકારીઓને રજા રિપોર્ટ નામંજૂર કરવા અને યોગ્ય કાર્યવાહીની ચીમકી ઉચ્ચારી

ગાંધીનગર, તા. ૮

ઈન સર્વિસ ડૉક્ટર્સ એસો. દ્વારા સોમવાર તા. ૧૧ થી ૧૩ સપ્ટેમ્બર દરમ્યાન અપાયેલ માસ સી.એલ.ના એલાનને પગલે જિલ્લાના ૧૦૦ થી વધુ તબીબી અધિકારીઓએ આજે તેમના રિપોર્ટ સત્તાવાળાઓને સોંપી દીધા છે.

આ રિપોર્ટને પગલે જિલ્લાની આરોગ્ય સેવાઓ સોમવારથી ઠપ્પ થઈ જશે.

એક તરફ સ્વાઈન ફ્લુના રોગચાળાની સ્થિતિ પ્રવર્તતી હોવાથી લોકોની મુશ્કેલીમાં વધારો થશે.

ઈન સર્વિસ ડૉક્ટર્સ એસો.ની યાદીમાં જણાવાયા મુજબ તેમનુ માસ સી.એલ.નું એલાન યથાવત છે. સરકાર સમક્ષ વારંવાર રજુઆતો પછી પણ તેમના પ્રશ્નોનુ નિરાકરણ ના આવતાં ના છૂટકે માસ સી.એલ.નું એલાન આપવું પડ્યું છે.

જિલ્લામાં ૨૮ પ્રા. આ. કેન્દ્રો, ૮ સામુહિક આરોગ્ય કેન્દ્રો અને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ તેમજ અર્બન હેલ્થ સેન્ટરોના તબીબી

● અનુસંધાન પાન-૭ પર

# મનપાની ૧૧મીએ સ્થાયી સમિતિ મળશે

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની વધુ એક બેઠક સોમવારના રોજ મનપાની કચેરીમાં મળશે.

છેલ્લા ૧૫ દિવસમાં આ ત્રીજીવાર બેઠક મળી રહી છે. આ બેઠક બપોરે ત્રણ વાગે મનપાના સ્થાયી સમિતિના હોલમાં મળશે.

મળતી વિગતો પ્રમાણે અગાઉની બેઠકમાં ઉપજખર્ચ અને જાવક અંગેના જે પત્રકો કમિશનરશ્રી દ્વારા ૨૦૧૦-૧૧ થી ૨૦૧૫-૧૬ના જે મોકલી આપવામાં આવ્યા છે તેના પર ચર્ચા વિચારણા કરવામાં આવશે. જે ૯-૮-૨૦૧૭ની સ્થાયી સમિતિમાં મુલ્તવી રાખવામાં આવ્યા હતા.

આ બેઠકમાં મનપાના અધિકારીઓને આઉટ સોર્સિંગથી વાહનોની સુવિધા પુરી પાડવા અંગે નિર્ણય લેવામાં આવનાર છે.

# પ્રધાનમંત્રીના આગમનને પગલે પાટનગરમાં તડામાર તૈયારીઓ

## રાજભવન થી મહાત્મા મંદિર તેમજ કોબા રૂટમાં સફાઇ અને વૃક્ષોનુ ટ્રીમીંગ કરાશે



ગાંધીનગર તા ૮

ગાંધીનગરમાં પ્રધાનમંત્રીના આગમનને અનુલક્ષી તંત્ર હાલ તડામાર તૈયારીમાં લાગી ગયુ છે. મહાત્મા મંદિર તેમજ રાજભવન સહીતના સ્થળોએ જરૂરી સફાઇ તેમજ સમારકામ પુરજોશમાં ચાલી રહયુ છે. તંત્ર દ્વારા પ્રધાનમંત્રીના આગમનને ધ્યાને લઈ કોબાથી રાજભવન અને રાજભવનથી મહાત્મા મંદિર સુધીના રુટમાં વૃક્ષોનુ ટ્રીમીંગ તેમજ આસપાસ ઝાડી ઝાંખરાની સફાઇ હાથ ધરવામાં આવી રહી છે. જયારે સુરક્ષા વ્યવસ્થાને અનુલક્ષી જોખમી વૃક્ષો પણ દુર કરાશે. આ ઉપરાંત જરૂરી ઠેકાણે લાઈટીંગ પણ કરવામાં આવશે.

ભારે વરસાદના અંતે શહેરમાં ઠેર ઠેર ઝાડી ઝાંખરા ઉગી નિકળ્યા છે. નગરના માર્ગો આસપાસ બિનજરૂરી વનસ્પતિનો ઘેરોવો જોવા મળે છે. જેના

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાના કલોલમાંથી સ્વાઈન ફલુના વધુ બે દર્દી મળ્યા

## જિલ્લામાં સ્વાઈન ફ્લુનો આંક ૧૩૫ પર પહોંચ્યો

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સ્વાઈન ફ્લુના વધુ બે દર્દી આજે મળી આવતાં જિલ્લામાં સ્વાઈન ફ્લુના દર્દીઓની સંખ્યા ૧૩૫ પર પહોંચી છે.

મળતી વિગતો પ્રમાણે બન્ને કેસ કલોલ તાલુકામાંથી મળી આવ્યા છે. કલોલમાં આ સાથે સ્વાઈન ફ્લુના દર્દીઓની સંખ્યા ૫૦ પર પહોંચી છે.

આજે કલોલ અર્બનમાંથી એક દર્દીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પરીક્ષણ દરમ્યાન સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાતાં તેને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

જ્યારે બીજો દર્દી જે મળ્યો છે તે હાલ મહેસાણા સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં નોંધાયેલા કેસો પૈકી ૧૧૪ દર્દી સંપૂર્ણ રોગમુક્ત થતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. હાલ પાંચ દર્દી સારવાર હેઠળ છે. જે પૈકી ૧ દર્દી વેન્ટીલેટર

● અનુસંધાન પાન-૭ પર

# ચૌધરી સ્કૂલ નજીક ગટરના પાણી ઉભરાતા ગંદકી છવાઈ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેરના મુખ્યમાર્ગ ચ-રોડ અને ઘ-રોડની વચ્ચે વિકસેલ સેક્ટર-૭માં છેલ્લા બે દિવસથી ગટરના પાણી ઉભરાઈને રોડ પર આવતાં સેક્ટરના વસાહતીઓ ત્રાસી ગયા છે.

ચૌધરી સ્કૂલ નજીક આ ગટર ઉભરાઈ રહી છે અને સવારે આ પાણી રોડ પર આવી જાય છે. આ માટે વારંવાર રજુઆતો કરવા છતાં તંત્રના પેટનું પાણી હાલતુ નહિ હોવાથી તંત્ર સામે લોકોમાં રોષની લાગણી ઉભી થવા પામી છે.

શહેરમાં એક તરફ વાહકજન્ય રોગચાળાનો ભય વધી રહ્યો છે અને એક ચમચી પાણીમાં પણ મચ્છરના બ્રિડીંગ થઈ શકે તેવી વાતો તંત્રના અધિકારીઓ કરી પાણીના સંગ્રહસ્થાનો ચોખ્ખા રાખવાની સલાહ આપે છે જ્યારે શહેરના બન્ને મુખ્ય માર્ગો પર આ તો પાણી જમા થાય છે





તેની કોઈ જ ચિંતા તંત્રના અધિકારીઓ કરતા નથી તેને લઈ વસાહતીઓ દુઃખ વ્યક્ત કરી રહ્યા છે.

શહેરમાં મેલેરિયા માટે સે. ૭ આમેય સંવેદનશીલ સેક્ટરોમાં આવે છે. અહિંથી ૧૦૦ મીટરના અંતરે એસ.ટી. ડેપો અને મનપાની કચેરી આવેલી છે. પણ તંત્રના અધિકારીઓને આ દેખાતુ નથી તેનો પણ લોકોમાં રોષ છે.

# કલોલ પાલિકાના ચીફ ઓફિસર બદલાયા

ગાંધીનગર, તા. ૮

કલોલ નગરપાલિકાના ચીફ ઓફિસર આર.બી. પટેલની બદલીના હુકમો આજે કરવામાં આવ્યા છે.

પટેલની બદલી માણસા નગરપાલિકાની ખાલી પડેલી જગ્યા પર કરવામાં આવ્યા છે. પટેલની બદલી થતાં કલોલ ચીફ ઓફિસરની જગ્યા ખાલી પડી છે.

રાજ્યના શહેરી વિકાસ વિભાગ દ્વારા આજે આ બદલીના હુકમો કરવામાં આવ્યા છે.

Wanted Teachers
for a nursery School
Fluency in English / Art Skills / Computer Skill is required
Phone No.
99250 00742

## સલામત અને સુરક્ષિત ગુજરાત !

# પાટનગરના એસ.ટી. ડેપોમાં ખુલ્લેઆમ તસ્કરી

## ડેપોમાં પોલીસ ચોકી શરૂ કરવા માટે જગ્યા ફાળવી દેવાઇ પરંતુ પોલીસ તંત્રની નિરસતા : આમ નાગરિકોની સુરક્ષા અને સલામતીની માત્ર વાતો

ગાંધીનગર તા ૮

ગાંધીનગર એસ ટી ડેપોમાં અવાર નવાર મુસાફરો પીક પોકેટીંગનો ભોગ બને છે. જયારે બસમાં મુસાફરી કરતા નાગરિકોના ખિસ્સા કપાતા મહીલાઓ અને સિનિયર સિટીઝન્સમાં ભયની લાગણી વ્યાપી છે. જયારે ડેપો સંકુલમાં હવે તસ્કરોનુ જોર વધતા વાહન ચોરીના પણ કીસ્સાઓ ધ્યાને આવી રહયા છે. આજે પણ ડેપો સંકુલમાંથી એક બાઈકની ઉઠાંતરી થઈ હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. આમ છતા ડેપોમાં પોલીસ ચોકી શરૂ કરવાના મામલે હજુ પણ નિરસતા સેવાઈ રહી છે. ડેપોમાં પોલીસ ચોકી માટે ટોકન દરે ગેટ નં-૧ પાસે જગ્યા પણ ફાળવી દેવામાં આવી છે. પરંતુ જગ્યાની માપણીની પ્રક્રીયા બાદ જિલ્લા પોલીસ તંત્ર દ્વારા આમ નાગરિકોની સલામતીને ધ્યાને લઈ પોલીસ ચોકી શરૂ કરવા કોઈ નિર્ણય લેવાતો નથી. સલામતી અને સુરક્ષાની વાતો કરતા જિલ્લા પોલીસતંત્રની નિરસતાના લીધે શહેરના હાર્દસમા વિસ્તારમાં જ સલામતીના નામે મીંડુ ચિતરાયુ હોવાનુ સ્પષ્ટ થયુ છે.

ગાંધીનગરમાં વી વી આઈ પી મહાનુભાવોના સલામતી બન્દોબસ્તમાં અતિ વ્યસ્ત રહેતા પોલીસતંત્ર માટે હવે આમ નાગરિકોની સુરક્ષાનો મુદ્દો ગંભીર રહયો ન હોવાનો સુર ઉઠવા પામ્યો છે. નગરના હાર્દ સમા વિસ્તારમાં સ્થિત ડેપો સંકુલમાં ઘણાં સમયથી મુસાફરોના ખિસ્સા કપાતા હોવાની સાથે તસ્કરી વૃતિ બેફામ બની હોવાનો રોષ અને ભય સામાન્ય નાગરિકોમાં પ્રવર્તયો છે. એસ ટી ડેપોમાં અવારનવાર મુસાફરો તસ્કરીનો ભોગ બનતા હોવાના કિસ્સાઓ પ્રકાશમાં આવે છે. ડેપોના સ્ટાફ દ્વારા પણ ખિસ્સા કાતરૂ

● અનુસંધાન પાન-૭ પર

# માણસાના તાલુકા વિકાસ અધિકારી તરીકે ઉપાધ્યાયને મુકાયા

ગાંધીનગર, તા. ૮

કલોલના એ.ટી.ડી.ઓ. ઉપાધ્યાયને માણસા તાલુકા વિકાસ અધિકારીનો ચાર્જ આપવામાં આવ્યો છે. માણસાના તાલુકા વિકાસ અધિકારી હેમંતભાઈ વય મર્યાદાને લઈ સેવા નિવૃત્ત થતાં આ જગ્યા ખાલી પડી હતી.

જિલ્લા વિકાસ અધિકારી ગાંધીનગર દ્વારા આજે સાંજે આ અંગેના હુકમો જારી કરી દેવામાં આવ્યા છે. આ સાથે જિલ્લામાં હાલ ત્રણ તાલુકા વિકાસ અધિકારીની ખાલી જગ્યા છે. બે જગ્યાઓ પર કરાર આધારિત અધિકારીઓ ચાર્જ સંભાળી રહ્યા છે.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અર્ણી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેઝીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com